## અખબાર યાદી

Date : 17th November, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................., ભાવનગર.

રૂરલ ટી. આઈ. ક્વીઝ ક્ષેત્રે

### ભારત ભરના ૧૪ લાખ વિદ્યાર્થીઓમાં ભાવનગર જીલ્લાના વિધાર્થીઓ છઠ્ઠા ક્રમાંકે.

આજના સમયમાં ઝડપથી આગળ વધતી ટેકનોલોજી અને ડીજીટલાઈઝેશનના યુગમાં ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓ પણ આ બદલાવ સાથે તાદામ્ય સાધી પોતાના વિકાસ કરે અને આઈ. ટી ક્ષેત્રે થતા નિરંતર બદલાવથી અવગત થતા રહે તેવા આશયથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લીમીટેડ દ્વારા રાષ્ટ્રીય સ્તરે રૂરલ આઈ.ટી ક્વીઝનું આયોજન કરવામાં આવે છે. ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓને આઈ.ટી ક્ષેત્રે આગળ વધારવા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી ક્વીઝ-૨૦૧૭ સ્પર્ધાનું ગુજરાત રાજ્યમાં પ્રથમ જીલ્લા કક્ષાએ અને બાદમાં રાજ્ય કક્ષાએ આયોજન કરવામાં આવેલ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝ-૨૦૧૭ આયોજન તા. ૫ મી ઓગસ્ટ ૨૦૧૭ના રોજ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ભાવનગર જીલ્લાની ૮૯ ગ્રામ્ય શાળાના ૩૪૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તા.૨૬ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ કડી સર્વ વિશ્વ વિધ્યાલય, ગાંધીનગર ખાતે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝ-૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લામાં જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝ-૨૦૧૭માં વિજેતા થયેલ કુલ 330 ટીમોના 660 વિધાર્થીઓએ ભાગ લીધો હતો. ભાવનગર જીલ્લાની ૧૦ ટીમો (૨૦ વિદ્યાર્થીઓ)એ દ્વારા ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું.

આ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાવનગર જીલ્લાની શ્રી એમ. જે. સી. કે. આર હાયર સેકેન્ડરી સ્કુલ, સોનગઢના વિધાર્થીઓ મોદી હાર્દિક (ધોરણ-૧૨) અને ધુલા પાર્થ (ધોરણ-૧૨) રાજ્યના વિજેતા બન્યા હતા. રાજ્ય સ્તરે વિજેતા થયેલ ટીમ ૧૭મી નવેમ્બેર, ૨૦૧૭ના રોજ બેંગ્લોર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ. સમગ્ર ભારત દેશના કુલ ૧૪ લાખ વિદ્યાર્થીઓમાંથી ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે ૬ ક્રમાંક પ્રાપ્ત કરેલ.

સતત ચાર વર્ષથી ભાવનગર જીલ્લાની ટીમ રાષ્ટ્રીય સ્તરે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રહી છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગરના પ્રમુખશ્રી પરેશભાઈ ત્રિવેદી અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેનશ્રી ભાવેશભાઈ ભરાડ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ગુજરાત રાજ્ય અને ભાવનગર જીલ્લાનું ગૌરવ વધારવા બદલ બંને વિધાર્થીઓ, તેમના માર્ગદર્શક શિક્ષક શ્રી અવિનાશભાઈ દવે ઉપરાંત શ્રી એમ. જે. સી. કે. આર કેમ્પસના તમામને અભિનંદન પાઠવેલ.

17-11-17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.